# અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા સંગઠન મંત્રી તરીકે તપન પટેલ

## બાયડ શહેરના કાર્યકરોમાં ખુશાલી છવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા સંગઠન ટીમની રચના જાહેર કરવામાં આવી છે. જેમાં બાયડના સક્રીય યુવા કાર્યકર, તત્કાલિન બાયડ શહેર યુવા ભાજપ સંગઠન પ્રમુખ તપન અતુલભાઈ પટેલ(ડાયરેક્ટર : તક્ષશિલા વિદ્યા કેમ્પસ-બાયડ)ની સંગઠન મંત્રી તરીકે નિયુક્તિ થતાં સમગ્ર બાયડ શહેરના કાર્યકરોમાં ખુશાલી છવાઈ છે.



અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન દ્વારા વિવિધ મોરચાના હોદ્દેદારોની નિયુક્તિ જાહેર કરવામાં આવી છે. જિલ્લામાં યુવાઓનું સંગઠન વધુ મજબૂત બને તે માટે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ અમિષ પટેલે સંગઠન ટીમના અન્ય હોદ્દેદારોની અને કારોબારી સભ્યોની નિયુક્તિ કરી છે. જેમાં બાયડના યુવાનો ઉપર પ્રભુત્વ ધરાવતા તપન પટેલની જિલ્લા સંગઠનમાં મંત્રી તરીકે પસંદગી થતાં બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, બાયડ નગરપાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષી વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

# અરવલ્લીમાં ૮.૩૫ લાખ લક્ષ્યાંક સામે ૪.૯૦ લાખ લોકોનું રસીકરણ

## કોરોના મંદ પડતાં રસીકરણ પણ મંદ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

અરવલ્લી જિલ્લામાં કોરોનાની બીજી લહેર મંદ પડી તેની સાથે રસીકરણ પણ મંદ પડ્યું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. જિલ્લામાં આરોગ્ય વિભાગે કુલ-૮,૩૫,૦૦૦ રસીકરણનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો જેમાં અત્યાર સુધીમાં ૪,૯૦,૩૭૬ લોકો રસીકરણથી સુરક્ષિત થયા છે. પરંતુ હજુય ૩,૪૪,૬૨૪ લોકો કોરોના રસીથી વંચિત રહ્યા છે. રસીકરણ મુદ્દે પ્રજામાં જાગૃતિ આવી છે પરંતુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં રસીનો પૂરતો જથ્થો ફાળવવામાં આવતો ન હોવાથી ૧૦૦ ટકા લક્ષ્યાંક ક્યારે સિદ્ધ થશે તે હાલ કહેવું મુશ્કેલ છે.

કોરોનાની ત્રીજી લહેર વધુ ઘાતક સાબિત થવાની દહેશતથી રાજ્ય સરકાર દ્વારા આગોતરી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને રસીકરણ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. સરકાર દ્વારા આરોગ્ય વિભાગને જેમ બને તેમ ઝડપથી દરેક નાગરિક રસીથી સુરક્ષિત થઈ જાય તે પ્રકારે કામગીરી કરવા સૂચના આપી પરંતુ કેટલાય વિસ્તારોમાં રસીનો જથ્થો અપર્યાપ્ત ફાળવવામાં આવતાં રસીકરણની કામગીરીને અસર થઈ છે. અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ૩,૪૩,૨૦૧ લોકોને પ્રથમ અને ૧,૪૭,૧૭૫ લોકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. વિભાગે શરૂઆતમાં કુલ-૮,૩૫,૦૦૦ને રસી આપવાનું લક્ષ્યાંક નક્કી કર્યું હતું પરંતુ થોડાક સમય અગાઉ રસીનો અપર્યાપ્ત જથ્થો હોવાના કારણે રસીકરણની કામગીરી મંદ પડી હોય તેવું લાગી રહ્યું છે. એક તરફ આરોગ્ય વિભાગ કોરોનાની ત્રીજી લહેરની તૈયારી કરી રહ્યું છે ત્યાં લક્ષ્યાંકથી અડધા લોકો રસીથી હજુય વંચિત છે જેથી કોરોનાની આગામી લહેરને જો બેઅસર કરવી હશે તો આરોગ્ય વિભાગે નક્કી કરેલા લક્ષ્યાંકને ઝડપથી પૂર્ણ કરવો રહ્યો.

## જન્મદિને વધામણી



દિનેશભાઈ(કોકો) જે. પટેલ
ડેમાઈ, તા.બાયડ




પંક્તિ દિવ્યકાંત જોષી
(વલ્લભનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



દેવેન્દ્રસિંહ એન. રહેવર
વાંટડા, તા.મોડાસા



વિશાલ એન. પટેલ,
પત્રકાર
રૂપાલકંપા, તા.હિંમતનગર



જીમિત ભરતભાઈ પટેલ
ચોરીવાડ, તા.ઈડર



ડાૅ.નિરવભાઈ એ. પટેલ
(મેડિકલ ઓફિસર : ડેમાઈ પી.એચ.સી.)
રડોદરા, તા.બાયડ



મિનેષ એન. બારોટ
આકરૂન્દ, તા.ધનસુરા



ભૂમિ ચંદ્રેશભાઈ ચૌધરી
(એમ.ડી.એસ.) (દેવભૂમિ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



નીધી જયંતિભાઈ ચૌધરી
ટીંટીસર, તા.મોડાસા



સ્તવન હિતેષભાઈ પરમાર
(અભિલાષા રેસીડેન્સી)
નિકોલ, અમદાવાદ



શ્લોક પંકજકુમાર પટેલ
(ઉમિયાનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

## સંક્ષિપ્ત સમાચારો...

### આકરૂન્દ હાઈસ્કુલમાં વૃક્ષારોપણ



બાયડ : ધનસુરા તાલુકાની આકરૂન્દની શ્રીમતી પી. કે. ફણસે વિદ્યાલયમાં ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની ૧ વર્ષની સંગઠન કામગીરીની સફળતાને વધાવવા માટે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન રબારી, આકરૂન્દ ગ્રામ પંચાયતના સરપંચ લલીતાબેન મણીભાઈ પટેલ, ધનસુરા તાલુકા પંચાયત ઉપપ્રમુખ અમૃતભાઈ પટેલ, ધનસુરા તાલુકા ભાજપ મહામંત્રી દોલતસિંહ સોલંકી, આકરૂન્દ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ દિનેશભાઈ પટેલ, એ.ટી.વી.ટી. સભ્ય અનિલભાઈ પટેલ, કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ પટેલ, નરસિંહભાઈ પટેલ, પ્રાથમિક વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, પંકજભાઈ કટારા વગેરેની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

### માલપુર તાલુકામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



બાયડ : માલપુર તાલુકામાં ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની ૧ વર્ષની સફળ કામગીરીને વધાવવાના ભાગરૂપે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ સંજયભાઈ જયસ્વાલ, તાલુકા પંચાયત પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, ન્યાય સમિતિ કારોબારી ચેરમેન રાજન પ્રણામી, પૂર્વ ધારાસભ્ય હીરાજી ડામોર, તાલુકા સંગઠન પ્રભારી રાજુભાઈ નિનામા સહિત ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. માલપુર તાલુકાની ૩ જિલ્લા પંચાયત વિસ્તારોમાં ભાજપ સંગઠન દ્વારા ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કાર્યક્રમ યોજી ૩૫૦ જેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું.

### ટીંટીસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ

ટીંટીસર : મોડાસા તાલુકાના ટીંટીસર-સજાપુર ગામે ભાજપના કાર્યકર્તાઓ દ્વારા ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ દ્વારા ૧ વર્ષ દરમ્યાન થયેલ સફળ કામગીરીની યાદમાં વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો હતો જેમાં તાલુકા બાક્ષીપંચ મોરચાના મહામંત્રી ચિંતન ચૌધરી, મેઢાસણ જિલ્લા પંચાયત સદસ્ય કુલદિપ ફનાત, તાલુકા સદસ્ય સુમિતભાઈ પટેલ, ગ્રામ પંચાયત સરપંચ જે.ડી.પટેલ, દૂધ મંડળીના સેક્રેટરી શિવાભાઈ પટેલ સહિત ગ્રામજનોની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



# નેત્રામલી સ્વામિનારાયણ મંદિરમાં ફળોત્સવ ઉત્સવ



નેત્રામલી, તા. ૨૦

ઈડર તાલુકાના નેત્રામલી ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન માનશ્રી ધનશયામ મહારાજના સાનિધ્યમાં દેવપોઢી એકાદશી એવમ દિવ્ય ફળોત્સવનું આયોજન ગામના યજમાન પટેલ હિતેશ કાંતિભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના હરિભકતો અને મંદિરના ભગત શ્રી દ્વારા આરતી પૂજા કરી દેવ પોઢી અગિયારસનું મહત્વ સમજાવી પ્રસાદનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

# રોટરી કલબ હિંમતનગર દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૨૦

રોટરી કલબ, હિંમતનગર દ્વારા શ્રી હિંમત હાઈસ્કૂલ હિંમતનગરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું .અને આખા કેમ્પસમાં બીજા બધા વૃક્ષોને પાણીની વ્યવસ્થા રૂપે ડ્રિપ ઈરીગેશન પાઈપ પણ રોટરી કલબ દ્વારા આપવામાં આવી.આ પ્રસંગે રોટરી કલબ વતી રોટે. પ્રશાંત વ્યાસ, રોટે. રસિકભાઈ પટેલ, રોટે. જીગર જયસ્વાલ, રોટે. પ્રફુલભાઈ વ્યાસ, રોટે. રાજેશભાઈ જેઠવા, રોટે. રમેશભાઈ પટેલ,તથા શ્રી હિંમત હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી સુરેશભાઈ એસ.પટેલ તથા શાળા પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં હાજર રહીને યોગદાન આપી અપાવી સફળ બનવા માટે આપ સર્વે રોટેરિયન મિત્રોને આભાર માન્યો હતો.




# બનાસકાંઠા ભૂસ્તર વિભાગે આંતરરાજ્ય ખનીજચોરી ઝડપી

## રાજસ્થાનથી ફેલ્સપાર ભરીને આવતા ચાર ટ્રેલર ઝડપી પાડયા : રૂ ૧.૬૦ કરોડનો મુદ્દામાલ કબ્જે

પાલનપુર, તા.૨૦

બનાસકાંઠા ભૂસ્તર વિભાગે ગતરવિવારે એ ગુંદરી ચેકપોસ્ટ પરથી ગુજરાત માં પ્રવેશી રહેલ ચાર ટ્રેલર ને ચેક કરતા રોયલ્ટી વિના ફેલસ્પાર હોવાનું માલુમ પડતા રૂ ૧.૬૦ કરોડ નો મુદ્દામાલ કબ્જે કરી હતી.

બનાસકાંઠા ભૂસ્તર વિભાગ દ્વારા સતત રાત દિવસ અને રજાના દિવસે પણ ખનીજ ચોરી કરતા તત્વોને જડપવામાં તત્પર છે ત્યારે હમણાંજ ડમ્પર માં બેસી ને મધરાત્રે ખનીજ ચોરી ઝડપી પાડ્યા બાદ ગતરોજ રવિવાર ના રજા ના દિવસે ભૂસ્તર અધિકારી સુભાષ જોશીના માર્ગદર્શન હેઠળ ભૂસ્તર ની ટિમ ઓચિંતી તપાસમાં નીકળેલી હતી ત્યારે રાજસ્થાન થી ફેલસ્પાર ભરીને ગુજરાત ના ગુંદરી ચેકપોસ્ટ પરથી બનાસકાંઠા માં પ્રવેશી રહેલ ચાર ટ્રેલર ની તલાસી લેતા અને ચાલક ની પૂછતાછ કરતા રાજસ્થાન થી રોયલ્ટી વગર ફેલ્સપાર ભરીને કચ્છ જઈ રહ્યા હતા જેથી રોયલ્ટી ચોરી થયાનું માલુમ પડતા ભૂસ્તર વિભાગે ચાર ટ્રેલર સહિત રૂ ૧.૬૦ કરોડનો મુદ્દામાલ કબ્જે લઈને ગુંદરી ચેકપોસ્ટ પર મૂકેલ જ્યારે રૂ ૧૫ લાખ નો દંડ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ.



આ બાબતે ભૂસ્તર અધિકારી સુભાષ જોશીએ જણાવ્યું હતું કે ફેલ્સપાર ભરીને રાજસ્થાન માંથી રોયલ્ટી વગર ગુજરાત માં ટ્રેલર આવી રહ્યા હોવાની બાતમીના આધારે અમારી ટીમે ચાર ટ્રેલર ઝડપી પાડેલ અને દંડ માટેની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાસકાંઠા ભુસ્તર વિભાગ ની રજાના દિવસે ઓચિંતી તપાસ હાથ ધરતા આંતરરાજ્ય ખનીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

રાજસ્થાનથી ગુજરાતના કચ્છમાં રોયલ્ટી વિના ફેલસ્પાર ભરીને જતા ટ્રેલરના નંબર RJ52GA3284:- 40(M.T), RJ52GA1288:- 43(M.T), RJ52GA7144:- 39(M.T), RJ32GC0889: 43(M.T) આ ચારેય ટ્રેલર ને કબ્જે લઈ ગુંદરી ચેકપોસ્ટ ખાતે મુકવામાં આવેલ છે.

# ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે માવજીભાઈ દેસાઈની બિનહરીફ વરણી

## ચેરમેન પદ માટે એક માત્ર માવજીભાઇ દેસાઇ એ ફોર્મ રજુ કર્યુ



**માવજીભાઈ દેસાઈ : મારામાં મુકેલા વિશ્વાસ ને ટકાવી રાખીશ**


ડીસા માર્કેટયાર્ડના ચેરમેન પદ માટે મારી બિનહરીફ વરણી કરવા બદલ નિયામક મંડળના સાથી સદસ્યો, ભારતીય જનતા પાર્ટી, ખેડૂતો, વેપારીઓ તેમજ શુભેચ્છકો નો ખરા દિલથી આભાર માનું છું તેમજ મારા ઉપર મુકેલા વિશ્વાસને કાયમી માટે ટકાવી રાખીશ તેમ ચેરમેન માવજીભાઈ દેસાઈ એ જણાવ્યું હતું.

ડીસા, તા. ૨૦

ડીસા માર્કેટયાર્ડના ચેરમેન પદ માટેની ચૂંટણી મંગળવારે માર્કેટયાર્ડના સભા ખંડમાં યોજાઈ હતી. જો કે ચેરમેન પદ માટે એક માત્ર ફોર્મ રજુ થતાં ચેરમેન પદે માવજીભાઈ દેસાઈને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં.

ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી ડીસા એપીએમસી ના ચેરમેન પદની ચૂંટણી મંગળવારે ડીસા માર્કેટયાર્ડ ના સભાખંડમાં ચૂંટણી અધિકારી અને ભૂજ જીલ્લા રજીસ્ટ્રાર ડી.વી.ગઢવી દ્વારા ચેરમેન પદ માટેની ચૂંટણી પક્રિયા હાથ ધરી હતી. ચેરમેન પદ માટે માવજીભાઈ દેસાઈ એ ઉમેદવારી ફોર્મ રજુ કર્યુ હતું. જો કે અન્ય કોઈ ઉમેદવારી પત્ર રજુ ન થતાં ચૂંટણી અધિકારી ડી.વી.ગઢવી દ્વારા ચેરમેન તરીકે માવજીભાઈ દેસાઈ ને બિન હરીફ વિજેતા જાહેર કર્યા હતાં.

# કવિ ઉમાશંકર જોશીના ૧૧૧માં જન્મદિને વતન બામણા ખાતે શ્રદ્ધાસુમન કાર્યક્રમો યોજાશે



## 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા, જંગલની કુંજકુંજ જોવી હતી...

ગાંભોઈ, તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈથી ૧૪ કી.મી દુર અરવલ્લી ગિરિમાળાઓની વનરાજીઓથી ઘેરાયેલા એવા બામણા ગામમાં ૨૧ જુલાઈ ૧૯૧૧ના દિવસે જન્મેલા ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર અને કવિ એવા શ્રી ઉમાશંકર જેઠાલાલ જોષીનો આજે ૧૧૧મો જન્મદિવસ છે.

કવિ, વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક, સંશોધક, સંપાદક, અનુવાદક જેવી અનેકવિધિ સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં આગવી ઓળખ ઉભી કરી સાબરકાંઠા જિલ્લાના નાના ગામથી માંડી સમગ્ર ગુજરાત અને રાષ્ટ્રના સીમાડાઓ ઉલ્લંગી જઈને વિશ્વમાનવી બની ચૂકેલા કવિશ્રી ઉમાશંકર જોશી ગુજરાતી સાહિત્યમાં ખૂબ જ મોટું પ્રદાન આપનાર વિશ્વવિભૂતિની જન્મભૂમિ નાના સરખા બામણા ગામે સ્થાનિક શાળા- કોલેજ તેમજ ગ્રામજનોએ તેમના જન્મ સ્થાન બામણા ગામના પ્રવેશદ્વારે કવિની પ્રતિમા સમક્ષ સાહિત્યના પાઠ કરી શ્રધ્ધાસુમન અર્પણ કરશે.

ઉમાશંકર જોશી એવા ઊર્મિપ્રધાન ગુજરાતી કવિ હતા જેમણે માત્ર ઊર્મિસભર કાવ્યોથી લાખો-કરોડો સાહિત્યપ્રેમીઓની સંવેદનાઓને ઝણઝણાવી હતી. તેઓ માત્ર કવિ તરીકે જ નહીં એક ઉમદા ઈન્સાન તરીકે પણ લોકહૃદયમાં ઘર કરી શક્યા છે. ગુજરાતીના હૃદયમાં તેઓ સદાકાળ ચિરંજીવી રહેશે ભલે તેઓ સંદેહે ગુજરાતીઓ વચ્ચે નથી એમના અમર અને સદાબહાર કાવ્યો આજે પણ એમના વ્યક્તિત્વનો પ્રત્યેક ઘડીએ અણસાર આપે છે. પોતાના જીવનની અંતિમ ક્ષણો સુધી સાહિત્યની સેવા કરતા રહેનાર ગાંધીયુગના મુખ્યકવિ અને લેખક ઉમાશંકર જોશીનું ૧૯મી ડિસેમ્બર ૧૯૮૮ના રોજ મુંબઈ ખાતે અવસાન થયું હતું. ભોમિયા વિના ભમવા નીકળેલા આ સૌંદર્યનિષ્ઠ કવિ અને સનિષ્ઠ સાહિત્યકારને તેમના જ શબ્દો આજે પણ લોકમાનસમાં ગુંજી રહ્યા છે.